**– આંક–૧ લગત હુકમ–**

૧. જામીન અરજી તથા વિ.એપીપીશ્રીનો શેરો વંચાણે લીધો.

૨. અરજી તથા આરોપી તરફે વિ.વકીલશ્રી એમ.બી.જાડેજાને તથા વિ.એપીપીશ્રી કુ. કે.કે.પટેલને સાંભળ્યા.

૩. આરોપી યુસુફ ગનીભાઇ આંબલીયા, રહે. કિશાન ચોક, સાંઇનો વાડો, જામનગર નાઓ સામે પ્રોહીબીશન એકટની કલમ ૬૫ (એ)(ઇ), ૮૧, ૯૮(૨), ૮૩ તથા ઇ.પી.કોડની કલમ ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૧૭૧, ૧૨૦ (બી) મુજબનો આક્ષેપ છે અને આરોપી સામે ચાર્જશીટ દાખલ થઇ ગયેલ છે અને ક્રિમીનલ કેસ નં. ૨૦/૨૦૨૨ થી કેસ ચાલુ છે અને રેકર્ડ જોતા આરોપીને નામદાર ગુજરાત વડી અદાલતે રૂા. ૧૫,૦૦૦/- ના જામીન આપેલ છે અને ત્યારબાદ ચાર્જશીટ દાખલ થયા પછી તા. ૧૮/૪/૨૦૨૬ ના રોજનો સમન્સ આરોપીને બજી જવા છતાં આરોપી હાજર ન રહેતા આરોપીને પકડ વોરંટ કાઢેલ છે અને પકડ વોરંટની બજવણી થયેલ છે અને રોજકામ જોતા તા. ૧૯/૪/૨૦૨૬ ના રોજ આરોપી જાતે હાજર રહી વોરંટ રદની અરજી આપેલ છે. પરંતુ તે દિવસે રેગ્યુલર કોર્ડ રજા ઉપર હોય ઇન્ચાર્જ કોર્ટ દ્વારા વોરંટ રદની અરજી નામંજુર કરી આરોપીને જયુડીશ્યલ કસ્ટડીમાં લેવામાં આવેલ છે અને તેમા આરોપીએ આ જમીન અરજી આપેલ છે તે સંજોગો ધ્યાને લઇ આરોપીને નવા રૂા. ૧,૦૦,૦૦૦/- ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કર્યેથી તેમજ અગાઉ નામદાર ગુજરાત વડી અદાલતે જામીનની જે શરતો ફરમાવેલ છે તે તમામ શરતોનુ પાલન કરવાની શરતે જામીન મુકત કરવાનો હુકમ ફરમાવુ છુ.

**તારીખ:– ૧૦ / ૦૬ /૨૦૨૬.**

**( એ. એ. વાયડા)**
**એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ**
**લાલપુર.**
**JUDGE CODE NO.GJ00986**